નં:જી.આઈ.ડી.સી/ઓએન્ડએમ/સીઆઈઆર/વસુલાત/૨૦૧૭/૬૬૭
ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ઉધોગભવન ગાંધીનગર,
તા :૦૭/૧૦/૨૦૧૭.

// પરિપત્ર //

વિષય: નિગમની વસુલાતની કાર્યવાહીને વેગ મળે તે હેતું થી OTS યોજના હેઠળ દંડકીય વ્યાજ તથા વિલંબીત ચુકવણા પરના વ્યાજમાં રાહત આપવા બાબત.

સંદર્ભ :પરિપત્રક્રમાંકનં.જી.આઈ.ડી.સી/ઓએન્ડએમ/સીઆઈઆર/વસુલાત/૨૦૧૬/૬૭તા.૩૧/૧૨/૨૦૧૬.

ગુજરાત ઔધોગિક વિકાસ નિગમના ઉધોગકારોને નિગમ દ્વારા ફાળવેલ પ્લોટ/ શેડ/ ક્વાર્ટર/ રહેણાંક પ્લોટ તેમજ વાણિજ્ય પ્લોટ ,ગોડાઉન, દુકાનો વગેરે ફાળવવામાં આવે છે, આવી ફાળવેલ મિલ્કતના બાકી લ્હેણાં માટે નિગમની વસુલાતની કાર્યવાહીને વેગ મળે અને ઉધોગ સાહસિકોને દંડકીય વ્યાજ અને વિલંબીત ચુકવણા ઉપરના વ્યાજમાં રાહત મળે તે હેતુથી વસુલાતને પાત્ર થતા વ્યાજ અને દંડકીય વ્યાજની રકમમાં રાહત/માફી આપવા બાબતની નિતી અમલમાં મુકવામાં આવેલ, સદર યોજનાના લાભથી વંચિત રહેલા ફાળવણીદારો તેમજ વિવિધ એસોસીયેશન દ્વારા રજુઆત કરતા સદર યોજનાનો લાભ ઉધોગકારોને આપવા માટે નિગમના નિયામક મંડળ સમક્ષ ૪૯૭ મી સભામાં વ્યાજ અને દંડકીય વ્યાજની રકમમાં રાહત/માફી આપવા નીચે મુજબ આપવાનુ ઠરાવવામાં આવેલ છે.

નિગમની વસુલાતને વેગ મળે અને ઉધોગ સાહસિકોને દંડકીય વ્યાજ અને વિલંબીત ચુકવણા પરના વ્યાજમાં રાહત મળે તે હેતુથી નીચેની શરતોએ વસુલવાપાત્ર થતાં વ્યાજ અને દંડકીય વ્યાજની રકમમાં રાહત આપવા માટે નિગમના નિયામક મંડળ સમક્ષ ૪૯૭ મી સભામાં આપવાનુ ઠરાવવામાં આવે છે.

(૧) જે તારીખે ચુકવણું કરવામાં આવે તેની આગળની તારીખ સુધીના બાકી લહેણાંની રકમ એકી સાથે ડીમાન્ડડ્રાફ્ટ કે પે- ઓર્ડરથી એકી સાથે જમા કરાવવાની રહેશે.
(૨) નિગમની સભામાં ઠરાવ્યા મુજબ આ યોજના તા. ૦૧/૧૦/૨૦૧૭ થી તા. ૩૧/૧૨/૨૦૧૭ સુધી અમલમાં રહેશે.
(૩) આ યોજના હેઠળ 3% દંડકીય વ્યાજ ની રકમ પુરેપુરી માફ કરવામાં આવશે.
(૪) આ યોજના હેઠળ પાણી પુરવઠા તેમજ ડ્રેનેજ ચાર્જીસની સંપુર્ણ બાકી લ્હેણી રકમની એક સામટી ચુકવણી કરવા માગતા એકમોને તેમની બાકી લ્હેણી રકમમાં વિલંબીત ચુકવણાં પરના વ્યાજમાં ૫૦%(પચાસ ટકા) તથા દંડકીય વ્યાજમાં સંપુર્ણ ૧૦૦%(સો ટકા)માફી આપવાની રહેશે.
(૫) બાકી તમામ લહેણાં નું ચુકવણું એક સાથે કરવામાં આવેતો તે તારીખ સુધીનું જે કાંઈ વિલંબીત વ્યાજ ચઢયું હોય તેમાં ૫૦% રાહત આપવામાં આવશે.

(૬) જે કોઈ કિસ્સામાં દંડકીય વ્યાજ, વિલંબીત ચુકવણા પરનું વ્યાજ અગાઉ તેમજ તા.૦૧/૦૪/૨૦૧૭ થી ૩૦/૦૯/૨૦૧૭ સુધીમાં ભરપાઈ થઈ ગયેલ હોય તો તેમાં કોઈપણ પ્રકારની રાહત આપવામાં આવશે નહી.

(૭) મંજુર કરેલ કેસની વિગતો પ્રગતિ અહેવાલના પત્રક સ્વરૂપે કા.નિ.શ્રી(વસુલાત) ને ૧૫ દિવસે વડી કચેરીએ અચુક મોકલવવાની રહેશે અને તેનુ પોસ્ટ ઓડીટ હીસાબી અધિકારીએ કરવાનુ રહેશે.

(૮) જે કોઈ કિસ્સામાં દંડકીય વ્યાજ, વિલંબીત ચુકવણા પરનું વ્યાજમાં રાહત રૂ/- ૧૦,૦૦,૦૦૦/- (દશ લાખ) અથવા તેથી વધારે આપવાની થતી હોય તેવા કિસ્સામાં ઉપરોકત મુદ્દા નં .૭ માં જણાવ્યા પ્રમાણે વિભાગીય પ્રબંધકશ્રીની ભલામણ સહ દરખાસ્ત વડી કચેરીએ(મુખ્ય હિસાબી અધિકારીશ્રી) ને મંજુરી અર્થે સાદર કરવાની રહેશે.

(૯) આ યોજના અંતર્ગત દરખાસ્ત કરતાં પહેલાં ફાળવણીદાર દ્વારા આપવામાં આવેલ ડીમાન્ડ ડ્રાફ્ટ કે પે-ઓર્ડર નિગમના ખાતામાં જમાં કરાવવાના રહેશે.

(૧૦) નિગમના તા.૨૮/૦૧/૨૦૧૬ ના મિલ્કતનો કબજો પરત આપવાના પરિપત્ર આધારે જે કિસ્સામાં મંજુરી મળે તેમાં આ યોજનાનો કોઈપણ પ્રકારનો લાભ આપવાનો રહેશે નહી.

(૧૧) ક્ષેત્રીય કચેરીની હીસાબીશાખા દ્વારા આ યોજના અર્તગત ઓ.ટી.એસ.નુ રઝીસ્ટર નિભાવવાનુ રહેશે, તેમજ નિગમના બધાજ ફાળવણીદારોને અવશ્ય જાણ કરવાની રહેશે.

(૧૨) સદરહું હુકમના અમલીકરણ અંગે કોઈ વિસંગતતા ઉદભવે તો તે બાબતે માન.ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી ને પૃરછા કરી નિરાકરણ કરવાનું રહેશે.

સહી/-
( ડી. થારા)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક,
જીઆઈડીસી, ગાંધીનગર.

પ્રતિ,

૧.નિગમના તમામ અધિકારીઓ તરફ જાણ સારૂ...

૨.પ્રમુખશ્રી,ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન અમદાવાદ......તરફ જાણ સારૂ.

૩.નિગમના તમામ ઔધોગિક વસાહતોના માન્ય ઔધોગિક મંડળોના પ્રમુખશ્રીઓ.....તરફ જાણ સારૂ.

૪.મેનેજર શ્રી (એસએન્ડએ) જીઆઈડીસી, ગાંધીનગર....તરફ સદર પરીપત્ર વેબસાઈટ પર મુકવા સારૂ.

રવાના કર્યું

(એચ. એન. પટેલ)
કાર્યપાલક નિયામક (ઈ એન્ડ એ)